# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

**સંદર્ભ** :– ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરનો તા.૦૧–૧૦–'૧૫ નો પત્ર ક્રમાંક :
રસય / ૦૧ / યુનિ. કક્ષા / માહિતી / ૨૭૫ – ૪૦૩ / ૨૦૧૫.

**પરિપત્ર** :–

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ પરનાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પત્રની વિગતે કોલેજમાં એન.એસ.એસ. દ્વારા સામાજીક સેવાના જુદા જુદા ક્ષેત્રોમાં સદુઉપયોગનો આશય રહેલ છે તેમજ એન.એસ.એસ. ના દરેક યુનિટ દ્વારા એક ગામ દતક લઈ વર્ષ દરમ્યાન ઘણા કાર્યક્રમો હાથ ધરવામાં આવતા હોય છે તેમજ રાજય સરકારશ્રી દ્વારા એન.એસ.એસ. ની પ્રવૃતિઓ અને સ્વયંસેવકો માટે ગ્રાન્ટ પણ આપવામાં આવતી હોય એન.એસ.એસ. ની પ્રવૃતિઓ યોગ્ય રીતે થાય છે તેની ચકાસણી કરવા જરૂરી માર્ગદર્શન આપેલ તે મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે તેમજ એન.એસ.એસ. ની પ્રવૃતિઓમાં જીલ્લા / તાલુકા અને ગ્રામ્ય કક્ષાએથી વહિવટી તંત્ર દ્વારા જરૂર જણાય ત્યાં મદદરૂપ થવા સૂચના આપવામાં આવેલ છે, વધુમાં સંદર્ભ પરના પત્રની નકલ આ સાથે યોગ્ય કાર્યવાહી અર્થે સામેલ રાખેલ છે, જે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

કુલસચિવ

નં. જોડાણ / ૨ / ૨૨૬૧ / '૧૫
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. ૨૧/ ૧૦ / '૧૫

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ (યોગ્ય કાર્યવાહી અર્થે) ....

**નકલ રવાના** :–

૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...

ક:રસય/૦૧/યુનિ.કક્ષા/માહિતી/૨૦૧૫
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોકનં.૧૨,બીજોમાળ,ડો.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા  /૯/૨૦૧૫

પ્રતિ,
જિલ્લા કલેકટરશ્રી,
જિલ્લા કલેકટરની કચેરી,
તમામ જિલ્લા

વિષય:- રાષ્ટ્રીય સેવા યોજના(એનએસએસ)ની શાળા/કોલેજો દ્વારા થતી પ્રવૃત્તિઓ અંગે

શ્રીમાન,

૧૯૬૯ના મહાત્મા ગાંધી જન્મ શતાબ્દી વરસે ગાંધીજીને પ્રિય એવા યુવાનોને રાષ્ટ્રીય સેવામાં જોડાવાના હેતુસર રાષ્ટ્રીય સેવા યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.આ યોજના ૨૪મી સપ્ટેમ્બર,૧૯૬૯ના રોજ શરૂ કરવામાં આવેલ હોઇ દર વર્ષે ૨૪મી સપ્ટેમ્બરનો દિવસ રાષ્ટ્રીય સેવા યોજના દિન તરીકે ઉજવાય છે.

કોલેજમાં પ્રવેશ મેળવતા અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં જોડાતા વિદ્યાર્થી ભાઇ બહેનોને પોતાના નિયમિત અધ્યયનમાંથી જે ફાજલ સમય મળે છે તેનો સામાજીક સેવાના જુદા જુદા ક્ષેત્રોમાં સદુઉપયોગ કરે,તેમજ સમાજના સેવાના માધ્યમથી તેમનો વ્યક્તિત્વ વિકાસ થાય તથા નેતૃત્વનો ગુણ ખીલે તે આ યોજનાનો આશય છે.

આ યોજનામાં નિયમિત પ્રવૃત્તિ અને ખાસ શિબીર એવી બે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.આ યોજનામાં જોડાનાર સ્વયંસેવકો રોજબરોજ નિયમિતપણે સેવાકીય પ્રવૃત્તિ કરતાં રહે છે.દરેક યુનિટ એક ગામ દત્તક લે છે આ દત્તકગામમાં સમગ્ર વર્ષ દરમ્યાન અનેક પ્રકારની સેવાકીય અને સામાજીક ,આરોગ્ય,અંધશ્રધ્ધા નિવારણ,સફાઇ,નિરક્ષરતા નાબુદી,વ્યસન મુક્તિ,શોષખાડા,શૌચાલય બનાવવા,સર્વ રોગ નિદાન કેમ્પ,પશુસારવાર કેમ્પ,મહિલા ચર્ચા સભા,કુપોષણની સમસ્યા નિવારવા અંગે, પર્યાવરણ ,મતદાન ,HIV/AIDS જાગૃતિ વગેરે જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.

આ યોજનામાં રાજયની રૂ૫ યુનિવર્સિટીઓના કુલ ૯૩૪૫૦ સ્વયંસેવકો તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળા કક્ષાએ ૭૨૪ શાળામાં ૮૦૧૦૦ સ્વયંસેવકો જોડાયેલા છે. સંબંધિત જિલ્લાવાર શાળા/યુનિ.ઓ ની યાદી આ સાથે મોકલી આપવામાં આવે છે.આપના જિલ્લાની શાળા/યુનિ./કોલેજમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ માટે સ્વયંસેવકો અને તેની ગ્રાન્ટની અત્રેથી મંજુરી આપવામાં આવે છે.સદર શાળા/કોલેજોમાં એન.એસ.એસ.પ્રવૃત્તિઓ યોગ્ય રીતે થાય છે તેની જરૂરી ચકાસણી જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દ્વારા થાય તે માટે

જરૂરી સુચનાઓ આપેલ છે આમ છતાં આપની કક્ષાએથી પણ આ બાબતે જરૂરી માર્ગદર્શન અપાય તે જોવા વિનંતી છે.

આપના જિલ્લાની શાળા/કોલેજો દ્વારા ગ્રામ્ય/શહેરી વિસ્તારમાં થતી એન.એસ.એસની પ્રવૃત્તિઓમાં જિલ્લા/તાલુકા અને ગ્રામ્ય કક્ષાએથી વહીવટી તંત્ર દ્વારા જરૂર જણાય ત્યાં મદદરૂપ થવા સુચના આપવા વિનંતી છે.

બિડાણ:- યુનિ તથા શાળાઓની યાદી

ઉચ્ચ શિક્ષણ કમિશનર
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે:-</u>

-અધ્યક્ષશ્રી,ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર તરફ આપના દ્વારા દર માસે પ્રકાશિત થતા મેગેઝીનમાં બહોળી પ્રસિધ્ધિ આપવા સારૂ.

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

-વિકાસ કમિશનરશ્રી,વિકાસ કમિશનરની કચેરી,ગાંધીનગર
-ગ્રામવિકાસ કમિશનરશ્રી,ગાંધીનગર
-તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ મામલતદારશ્રીઓ સંબંધિત જિલ્લા કલેકટર કચેરી મારફત
-સરપંચશ્રીસંબંધિત ગ્રામપંચાયત(તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફત)
-પોગ્રામ કો.ઓર્ડિનેટરશ્રી,સંબંધિત યુનિવર્સિટી,એન.એસ.એસ.વિભાગ-આપની યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની યાદી જિલ્લા કલેકટરશ્રીઓને મોકલી આપવાની રહેશે તેમજ એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ અંગેની જાણ સંબંધિત જિલ્લા કલેકટરશ્રી,જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને કરવાની રહેશે.
-જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,તમામ જિલ્લા
-રીજીઓનલ ડાયરેકટરશ્રી,રીજીઓનલ ડાયરેકટર ઓફ એનએસએસ,પાટનગર યોજનાભવન, એલીસબ્રીજ,અમદાવાદ
- સેક્શન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર